# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-06-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Tuesday** **National News**

### આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.

************************************************

✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસીમાં - પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 17મો હપ્તો જાહેર કરશે

✓ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, કેન્દ્ર સરકાર મણિપુરના તમામ લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

✓ દેશના ઉત્તરીય ભાગોમાં ગરમીના મોજાંની સ્થિતિ યથાવત્ રહેવાની આગાહી - આગામી ત્રણ દિવસ સુધી ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, આસામ અને મેઘાલયમાં વરસાદની સંભાવના

✓ ભારતનાં અંકિતા રૈના ઈટલીમાં વેનેટો ઑપન ટેનિસ સ્પર્ધામાં મહિલા સિંગલ્સના પ્રી—ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યાં

✓ I.C.C. T—20 વિશ્વકપમાં વેસ્ટ ઈન્ડીઝ અને અફઘાનિસ્તાન વચ્ચે સેન્ટ લૂસિયામાં મેચ રમાઈ રહી છે..

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM VARANASI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પોતાના સંસદીય મતવિસ્તાર વારાણસી જશે. શ્રી મોદી વારાણસીમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન સંમેલનમાં ઉપસ્થિત રહેશે. સાંજે કાશી વિશ્વનાથ મંદિરમાં પૂજા અને દર્શન કરતા પહેલા પ્રધાનમંત્રી દશાશ્વમેઘ ઘાટમાં ગંગા આરતી કરશે. આજે રાત્રે વારાણસીમાં જ વિશ્રામ કર્યા બાદ પ્રધાનમંત્રી આવતીકાલે બિહાર માટે રવાના થશે.

આકાશવાણીના સંવાદદાતાના જણાવ્યા મુજબ, ત્રીજી વખત પ્રધાનમંત્રી બન્યા પછી શ્રી નરેન્દ્ર મોદીનો આ પહેલો વારાણસી પ્રવાસ છે. પ્રધાનમંત્રીએ ખેડૂત કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવતા પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિના 17મા હપ્તા જાહેર કરવાની ફાઈલ પર હસ્તાક્ષર કર્યા હતા. શ્રી મોદી પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ અંતર્ગત લગભગ નવ કરોડ 25 લાખ લાભાર્થી ખેડૂતોને 20 હજાર કરોડ રૂપિયાથી વધુના 17મો હપ્તો જાહેર કરશે.

અત્યાર સુધી 11 કરોડથી વધુ ખેડૂત પરિવારે પ્રધાનમંત્રી કિસાન યોજના અંતર્ગત ત્રણ કરોડ ચાર લાખથી વધુનો લાભ પ્રાપ્ત કર્યો છે. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી કૃષિ સખી તરીકે સ્વ-સહાય જૂથોની ત્રીસ હજારથી વધુ મહિલાઓને પ્રમાણપત્ર પણ એનાયત કરશે. પ્રમાણપત્ર વિતરણનો આ કાર્યક્રમ "લખપતિ દીદી" કાર્યક્રમના ઉદ્દેશને અનુરૂપ છે.\

# AMIT SHAH MANIPUR

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, કેન્દ્ર સરકાર મણિપુરના તમામ લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. મણિપુરમાં સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરવા નવી દિલ્હીમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં શ્રી શાહે કહ્યું કે, ગૃહ મંત્રાલય ટૂંક સમયમાં મૈતેઈ અને કુકી બંને જૂથ વચ્ચે સંવાદ કરશે, જેથી બંને પક્ષ વચ્ચે મતભેદ દૂર કરવામાં આવી શકે.

શ્રી શાહે મણિપુરમાં સુખ—શાંતિ યથાવત્ રાખવા માટે વ્યૂહાત્મક રીતે કેન્દ્રિય બળોની તહેનાતી પર ભાર મુક્યો હતો. શ્રી શાહે મણિપુરના મુખ્ય સચિવને વિસ્થાપિત લોકો અને તેમના પુનઃર્વસન માટે યોગ્ય આરોગ્ય અને શિક્ષણ સુવિધાઓ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, શ્રી અમિત શાહના અધ્યક્ષપદે રવિવારે યોજાયેલી બીજી ઉચ્ચસ્તરીય બેઠકમાં જમ્મુ અને કાશ્મીરની સલામતીની પરિસ્થિતી અને અમરનાથ યાત્રાની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

# Russia putinnorth korea visit

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આ સપ્તાહે ઉત્તર કોરિયાના પ્રવાસે જશે. ઉત્તર કોરિયાની કેન્દ્રિય સમાચાર સંસ્થાએ જણાવ્યું કે, શ્રીપુતિનના આ પ્રવાસનું આયોજન એવા સમયે થયું છે. જ્યારે રશિયા અને ઉત્તર કોરિયા વચ્ચે દ્વિપક્ષીય સૈન્ય ભાગીદારી ફરીથી શરૂ થવાની સંભાવના છે. આની અસર કોરિયન દ્વીપકલ્પ અને તેનાથી આગળ પણ થઈ શકે છે.

અમેરિકાના વિદેશ મંત્રીના પ્રવક્તાએ ગઈકાલે કહ્યું હતું કે, ઉત્તર કોરિયા અને રશિયા વચ્ચે સૈન્ય ભાગીદારી એ ગંભીર ચિંતાનો વિષય છે. 24 વર્ષોમાં વ્લાદિમીર પુતિનનો ઉત્તર કોરિયાનો આ પહેલો પ્રવાસ હશે. આ પહેલા તેઓ પોતાની પ્રથમ ચૂંટણી બાદ જુલાઈ 2000માં ત્યાં ગયા હતા. ત્યારે તેમણે કિમ જોંગ ઉનના પિતા અને તત્કાલીન શાસક કિમ જોંગ ઈલ સાથે મુલાકાત કરી હતી.

# US INDIA

અમેરિકાના વ્હાઈટ હાઉસે જણાવ્યું કે, અમેરિકાના રાષ્ટ્રીય સલામતી સલાહકાર જેક સુલિવાનનો ભારત પ્રવાસ બંને દેશ વચ્ચે પહેલાથી જ મજબૂત ભાગીદારીને વધુ ગાઢ બનાવશે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા વ્હાઈટ હાઉસના રાષ્ટ્રીય સલામતી સંચાર સલાહકાર જ્હોન કિર્બીએ કહ્યું ભારત અને અમેરિકા બે સૌથી જૂના અને સૌથી મોટા લોકતંત્ર છે.

શ્રી કિર્બીએ શ્રી સુલિવાનના પ્રવાસના હેતુ ‘બંને રાષ્ટ્ર વચ્ચેના સહકારના મુખ્ય ક્ષેત્રોને વિસ્તૃત કરવા’ પર ભાર મુક્યો હતો. અગાઉ શ્રી સુલિવાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી અને તેમને દ્વિપક્ષીય સહયોગના વિવિધ ક્ષેત્રમાં ખાસ કરીને તકનીક પરની પહેલ હેઠળની પ્રગતિ અંગે માહિતી આપી હતી.

# JAMMU KASHMIR NITIN GADKARI

કેન્દ્રિય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ઉચ્ચસ્તરીય બેઠકમાં જમ્મુ—કાશ્મીરની માર્ગ અને રાજમાર્ગ યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી હતી. જમ્મુ—કાશ્મીરના રાજભવન ખાતે શ્રી ગડકરીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં જમ્મુ-કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હાએ કેન્દ્રશાસિત પ્રદેશમાં પાયાની યોજનાઓ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉપ-રાજ્યપાલે કહ્યું કે, અમે જમ્મુ—કાશ્મીરના મજબૂત અને ગૌરવપૂર્ણ આવતીકાલ માટે સમર્પણ સાથે કામકરી રહ્યા છીએ. પાયાના ઢાંચાને મજબૂત કરવાથી રોજગારની નવી તક મળી છે અને કેન્દ્રશાસિત પ્રદેશનું અર્થતંત્ર પણ મજબૂત બન્યું છે.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 30 જૂનનાં રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનાર ‘મન કી બાત’ કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાના અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આ કાર્યક્રમ માટે લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર પોતાનાં વિચારો અને સૂચનો મોકલી શકે છે. આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા પર માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા પણ પોતાનાં વિચારો રજૂ કરી શકે છે. આ મહિનાની 28 તારીખ સુધીમાં સૂચનોને સ્વીકારવામાં આવશે. મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સંપૂર્ણ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ ઓન એરમોબાઇલ એપ પર કરવામાં આવશે.

એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશાવાણી હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરશે.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ, દેશના ઉત્તરીય ભાગોમાં આજે પણ ગરમીના મોજાંથી અતિશય ગરમીની સ્થિતિ યથાવત્ રહેશે. ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, બિહાર, ઉત્તરાખંડ અને ઝારખંડના કેટલાક ભાગોમાં ગરમીના મોજાંની સ્થિતિની સંભાવના છે.હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી ત્રણ દિવસ સુધી ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, આસામ અને મેઘાલયમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

જ્યારે અરૂણાચલપ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આગામી પાંચ દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ઉપરાંત હવામાન વિભાગે આજે દિલ્હીમાં અતિશય ગરમીના મોજાની સ્થિતિ માટે રેડ અલર્ટ જાહેર કર્યું છે.

# VENETO OPEN

ભારતનાં અંકિતા રૈના આજે ઈટલીના ગૈબામાં વેનેટો ઑપન ટેનિસ સ્પર્ધામાં મહિલા સિંગલ્સના પ્રી—ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગયાં છે. રૈનાએ ચેક પ્રજાસત્તાકનાં ડૉમિનિકા સાલ્કોવાને 7—5, 6—3થી હરાવ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, વેનેટો ઑપન W.T.A.ની સત્તાવાર મહિલા ખેલાડીઓની ટેનિસ સ્પર્ધા છે.

# T20 WORLD CUP MATCH

I.C.C. T—20 વિશ્વકપમાં હાલમાં વેસ્ટ ઈન્ડીઝ અને અફઘાનિસ્તાન વચ્ચે સેન્ટ લૂસિયાના ડેરેન સેમી નેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં મેચ રમાઈ રહી છે. વેસ્ટ ઈન્ડીઝની ટીમે અફઘાનિસ્તાનને જીતવા માટે 219 રનનો લક્ષ્યાંક આપ્યો છે. ટીમમાંથી સૌથી વધારે 98 રન નિકોલસ પુરને બનાવ્યા છે જ્યારે જોહન્સન ચાર્લ્સે 43 રન બનાવ્યા. અફઘાનિસ્તાનના બોલર ગુલબદીન નઈબે 2, નવીન ઉલ હક અને અઝમાતુલ્લા ઓમરજહીએ એક એક વિકેટ લીધી હતી.

આ પહેલા ગઈકાલે સાંજે વિશ્વકપમાં ન્યૂ ઝિલેન્ડ અને પાપુઆ ન્યૂગિનીવચ્ચે રમાયેલી મેચમાં ન્યૂ ઝિલેન્ડનો સાત વિકેટે વિજય થયો હતો. આ મેચ ત્રિનિદાદના બ્રાયન લારા સ્ટેડિયમમાં રમાઈ હતી. પહેલા બેટિંગ કરતાં ન્યૂ ઝિલેન્ડે પાપુઆ ન્યૂગિનીની ટીમને 78 રન પર ઑલઆઉટ કરી દીધી હતી. ન્યૂ ઝિલેન્ડના લૉકી ફર્ગ્યુસને ચાર ઑવરમાં એક પણ રન આપ્યા વગર ત્રણ વિકેટ લીધી હતી.

ન્યૂ ઝિલેન્ડે 79 રનનો લક્ષ્યાંક માત્ર 12.2 ઑવરમાં જ હાંસલ કરી વિજય મેળવ્યો હતો. ટીમમાંથી ડેવોન કૉનવેએ 32 બૉલમાં સૌથી વધુ 35 રન બનાવ્યા હતા.

# EVE. TRAIN ACCIDENT

પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં માલગાડીની ટક્કર બાદ, કંચનજંગા એક્સપ્રેસના કેટલાક ડબ્બા પાટા પરથી ઉતરી જતાં નવ લોકોના મોત થયા હતા અને 60 લોકો ઇજાગ્રસ્ત થયા હતા. આ અકસ્માતમાં માલગાડી ટ્રેનના ચાલક અને સહાયક ચાલકની સાથે, કંચનજંગા એક્સપ્રેસ ટ્રેનના ગાર્ડનું પણ મોત થયું હતું.

દરમિયાન, રેલવે બોર્ડનાં અધ્યક્ષ અને મુખ્ય કાર્યકારી અધિકારી જયા વર્મા સિન્હાએ કહ્યું કે, બચાવ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. તેમણે કહ્યું કે, પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે અકસ્માતનું કારણ માનવીય ભૂલ હતી..

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળમાં થયેલા રેલવે અકસ્માતમાં મૃત્યુ પામનારના દરેકના વારસદારોને બે-બે લાખ રૂપિયાની અને ઇજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયાની સહાય પ્રધાનમંત્રી રાહત ભંડોળમાંથી આપવાની જાહેરાત કરી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રેલવે અકસ્માતમાં મૃત્યુ પામનાર અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ઘટનાસ્થળે પહોંચીને માહિતી મેળવી હતી અને હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા ઇજાગ્રસ્તોના ખબરઅંતર પૂછ્યા હતા,

# Neeraj Chopra

ઓલિમ્પિક અને વિશ્વ ભાલા ફેંક ચેમ્પિયન નીરજ ચોપડા આજે ફિનલેન્ડના તુર્કુમાં આવેલા પાવો નૂરમી સ્ટેડિયમમાં વિશ્વ એથ્લેટિક્સ કોન્ટીનેન્ટલ ગોલ્ડ ટૂર સ્પર્ધામાં ભાગ લેશે. એશિયન્સ ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક વિજેતા અને ડાયમંડ લીગ ફાયનલના વિજેતા નીરજ ચોપડા અને જર્મનીના મેક્સ ડેહનિંગ  વચ્ચે ટક્કર થશે. નીરજ ચોપડા વર્ષ 2022માં તુર્કુમાં 89.30 મીટરના થ્રો સાથે ઉપવિજેતા રહ્યા હતા. જ્યારે યજમાન દેશના ખેલાડી હેલેન્ડર વજેતા બન્યા હતા.